# મે. એડી. સીવીલ જજ અને જ્યુ. મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, જંબુસર

ક્રીમીનલ કેસ નં. ૨૩૬૧/૨૦૨૨
આંક–

ફરીયાદી: શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી: સીતાબેન ઉર્ફે લખી પ્રવિણભાઈ વાઘેલા

ગુનો:– ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૫(એ)(એ) મુજબ.

## ::ચુકાદો::

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૫(એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે **વેડચ** પોલીસસ્ટેશને પ્રોહી. ગુના રજીસ્ટરે ગુનો દાખલ થયેલ અને તપાસના અંતે પોલીસે આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલ મફત આપ્યાની ખાતરી કરવામાં આવેલ છે.

(૩) આરોપી સામે તહોમતનામું ફરમાવી તેની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે, તેમજ એવી જાહેરાત કરેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય અને ગરીબ વર્ગના છે , વધુમાં તેઓ જણાવે છે કે તેઓને કોઇ સ્થિર ધંધો નથી અને છુ ટક મજુરી કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે અને દરરોજ નિયમીતરીતે મજુ રીકામ પણ મળતુ નથી તેથી તેઓની અને તેઓના પરીવારનુ ગુજરાન કરી શકે તેવી સ્થિતીમાં ન હોવાથી તનાવમાં આવીને ગુનો થઇ ગયેલ છે. તેઓએ દારૂનુ સેવન કરીને પીધેલ હાલતમાં કોઇ ઉપદ્રવ કરેલ નથી, ઝગડો કરેલ નથી કે અસભ્ય વર્તન કરેલ નથી તેમજ અભદ્ર ભાષા વાપરેલ નથી કે કોઇની સાથે મારામારી કરેલ નથી અને તે મુજબનો કોઇ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમાં જાહેરમાં આરોપી પાસેથી દેશી દારૂ મળી આવ્યાનો માત્ર આક્ષેપ છે વધુમાં, આર્થિક પરીસ્થીતી સારી ન હોઇ ઉપરાંત રોજગાર પણ ન હોઇ ટ્રાયલ ચાલતા દરમિયાન વારંવાર અદાલતમાં આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને ક્યારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઇ જાય જે તમામ હકીકતો અને પ્રથમ ગુનો હોઇ અને પોતે ભુલ સુધારવા માંગતા હોઇ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને અને નાણાંનો વ્યય ન થાય તે ધ્યાનમાં લઇને માફી આપવા અને રહેમ ગુજારવા જણાવેલ છે.

(૫)તમામ રેકર્ડ પરની હકીકતો લક્ષમાં લેતાં વગર પાસ પરમીટે દારૂ પોતાના કબજામાં રાખેલ હોવા સંદર્ભનો આક્ષેપ છે. આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષનો એવો કોઇ આક્ષેપ નથી કે પીધેલ હાલતમાં કોઇની

સાથે ઉપદ્રવ કરી, ઝગડો કરી, અસભ્ય વર્તન કરી, અભદ્ર ભાષા વાપરી મારામારી કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના ફરીયાદના ફરીયાદી, તપાસ કરનાર અમલદાર તેમજ પંચો તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીગ કે સની સાથે નવા દાખલ થતા કેસોનુ પ્રમાણ લક્ષમાં લેતાં નજીકના ભવિષ્યમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને ફેસલ કરવો સંભવી શકે તેમ નથી. આરોપીનો સમય, ફરીયાદપક્ષે સરકારી વકીલશ્રીઓ સમય, સરકારી સાહેદોનો સમય તથા અદાલતનો સમય તથા આરોપીએ ગુના કબુલ સંદર્ભે રજુ કરેલ હકીકતો અને જ્યારે આરોપી પોતે પસ્તાવાની લાગણી અનુભવતો હોઇ અને આરોપીની કબુલાતથી સરકારી મશીનરીનો સમય તેમજ અદાલતનો સમય બચી શકે તેમ હોઇ, આ તમામ પરીસ્થીતીઓને ધ્યાને લઇ તેમજ ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લઇ નક્કી કરેલી ઓછામાં ઓછી સજા કરતાં ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હિત જળવાઇ રહે તેમ હોઇ ઉપરોક્ત સંજોગોને ધ્યાને લઇ આરોપીને દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ::હુકમ::

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૨ અન્વયે તકસીરવાર ઠરાવીને ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂ.૧૦૦૦/– (એક હજાર રુપિયા પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ ૪૩૭–એ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૪મી,માહે ઓકટોબર સને ૨૦૨ ૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૧૦/૨૦૨૨
જંબુસર

(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)
જીજે૦૧૪૦૮
એડી. સીવીલ જજ અને
જ્યુ.મેજી.ફ.ક.,જંબુસર